# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-06-2024** **Morning : 7.10 to 7.20**
**Day: Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **નીકિતા શાહ** વાંચે છે.

---

- **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાધનપુર-ચાણસ્મા અને મહેસાણા-હિંમતનગર રાજમાર્ગ પર 399 કરોડ રૂપિયાના ખર્ચે નવા બ્રિજને મંજૂરી આપી.**
- **મુખ્યમંત્રીએ ગઈકાલે રાજ્યવ્યાપી પોલિયો રસીકરણ અભિયાનનો પ્રારંભ કરાવ્યો.**
- **રાજ્યમાં છેલ્લા ચાર વર્ષમાં નવીનતમ સંશોધનો અંગે વિવિધ સંશોધકોએ 952 પેટન્ટ મેળવી.**
- **બનાસકાંઠા, પાટણ, અમદાવાદ અને ગાંધીનગર સહિતના જિલ્લાઓમાં આજે વરસાદની આગાહી.**
- **રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે દેશના પ્રથમ ઓલિમ્પિક સંશોધન અને શિક્ષણ કેન્દ્રનો પ્રારંભ કરાયો.**

---

## CM UTTAR GUJARAT BHET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના રોડ નેટવર્ક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ સુદ્રઢ અને પરિવહન સરળ બનાવવા ઉત્તર ગુજરાતમાં રાજ્ય રાજમાર્ગ 55 ઉપર 2 નવા બ્રિજના નિર્માણ માટે 399 કરોડ રૂપિયાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

મુખ્યમંત્રીએ ઉત્તર ગુજરાતમાં રાધનપુર-ચાણસ્મા રોડ- રાજ્ય રાજમાર્ગ 55 ઉપર રાધનપુર નજીક બનાસ નદી પર 179 કરોડ રૂપિયાના ખર્ચે નવો ફોર-લેન બ્રિજ બનાવવા મંજૂરી આપી છે. આ નવા બ્રિજ હયાત બ્રિજની બાજુમાં નિર્માણ પામશે. તેમ જ આ બ્રિજ બનતા હાલના ટ્રાફિક ભારણ નિવારી શકાશે. અંદાજે 40 લાખ જેટલા લોકોને પરિવહનમાં સરળતા મળતી થશે.

આ સાથે જ મુખ્યમંત્રીએ આપેલી મંજુરી મુજબ, મહેસાણા-હિંમતનગર ફોર લેન રાજ્ય રાજમાર્ગ 55 ઉપર સાબરમતી નદી પર દેરોલ ખાતે 220 કરોડ રૂપિયાના ખર્ચે નવા સિક્સ-લેન બ્રિજનું બાંધકામ હાથ ધરાશે. આ બ્રિજથી આસપાસના અંદાજે 50 લાખ લોકોને પરિવહનમાં સરળતા મળશે. મુખ્યમંત્રીએ રાજ્યમાં જૂના બ્રિજ અને માર્ગને પુનઃબાંધકામ, મજબૂતીકરણ અને સમારકામ હાથ ધરવા માર્ગ-મકાન વિભાગને દિશા-નિર્દેશ આપ્યા છે.

..............................................................................

## POLIO ABHIYAN - CM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બાળ લકવા નાબૂદી અભિયાન – 2024 અંતર્ગત ગઈકાલે રાજ્યવ્યાપી પોલીયો રસીકરણનો ગાંધીનગરથી પ્રારંભ કરાવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંત્રી નિવાસ સંકુલના કોમ્યુનીટી સેન્ટરમાં ભુલકાઓને પોલીયો રસીના ટીપા પીવડાવીને આ અભિયાનનો પ્રતિકાત્મક આરંભ કરાવ્યો હતો.

આ અભિયાન અંતર્ગત 0 થી પાંચ વર્ષના 83 લાખ 72 હજારથી વધુ બાળકોને આવરી લેવામાં આવશે. આ માટે 1 લાખ 33 હજાર આરોગ્ય કર્મીઓ 33 હજાર 489 પોલીયો બુથ પરથી બાળકોને ટીપાં પીવડાવવાની કામગીરીમાં જોડાયા છે. સમગ્ર રાજ્યમાં પોલીયો રવિવાર તરીકે મનાવીને આ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આજે અને આવતીકાલે આરોગ્ય કર્મીઓ ઘરે ઘરે ફરીને ભુલકાઓને ટીપાં પીવડાવશે.

..............................................................................

## Patan polio abhiyan

રાજ્યના આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે પાટણના સિદ્ધપુરમાં બાળકોને પૉલિયોની રસીના ટીપાં પીવડાવી પૉલિયો દિવસના કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો. રાષ્ટ્રીય રસીકરણ દિવસ અંતર્ગત પાટણ ખાતે ન્યૂ તક્ષશિલા પ્લેસ્ફૂલ વિસ્તારમાં જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેનના હસ્તે શૂન્યથી પાંચ વર્ષના બાળકને પૉલિયોના 2 ટીપાં પીવડાવીને કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો.

..........................................................................

## BHAVNAGAR POLIO ABHIYAN

ભાવનગરમાં પૉલિયો નાબૂદી અભિયાન અંતર્ગત જિલ્લામાં 87 ટકા અને મહાનગરપાલિકા વિસ્તારોમાં 90 ટકા બાળકોને આવરી લેવાનો લક્ષ્યાંક હાંસલ થયો છે. ભાવનગરના અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે, જિલ્લાનાં તમામ તાલુકાઓમાં ગઈકાલે 1 લાખ 53 હજાર 213 બાળકોને પૉલિયોની રસી આપવામાં આવી. જ્યારે ભાવનગર મહાનગરપાલિકાના વિસ્તારોમાં એક લાખ 29 હજાર 428 બાળકોને રસી આપવામાં આવી હતી.

..........................................................................

## GUJARAT INNOVATION

નવીનતમ સંશોધનોમાં ગુજરાત રાજ્યે હરણફાળ ભરી છે. છેલ્લા ચાર વર્ષમાં રાજ્યના વિવિધ સંશોધકોએ 952 પેટન્ટ મેળવી છે. રાજ્યમાં કાર્યરત કેન્દ્રીય અને રાજ્ય સરકારની સંશોધન સંસ્થાઓ અને વિશ્વ વિદ્યાલયોમાં નવીનતમ સંશોધનને અનુરૂપ વાતાવરણ મળતા પેટન્ટ મેળવવામાં અમદાવાદ અને વડોદરાના સંશોધકો અગ્રેસર છે.

રાજ્યમાં કેટલાક વર્ષોમાં કાર્યરત થયેલા સ્ટાર્ટ-અપ, વિશ્વ વિદ્યાલયોમાં સંશોધન પ્રવૃત્તિ માટે વિશેષ અનુદાનો ઉપરાંત પીએમ ફેલોશીપ જેવા સરકાર પ્રેરિત યોજનાઓને કારણે પેટન્ટ મેળવવાનું પ્રમાણ વધ્યું છે. રાજ્યમાં વર્ષ 2020થી 2023 દરમિયાન નોંધાયેલી પેટન્ટ સંખ્યા અનુક્રમે 266, 237, 200 અને 49 છે. આમ છેલ્લાં ચાર વર્ષમાં કુલ 952 સંશોધન પેટન્ટ મળી છે.

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ભેસલ ગામના સોમાભાઇ પરમારના નામે પણ પશુ સારવાર માટેની પેટન્ટ નોંધાઇ છે.

.................................................................................

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

-------------------------------------------------------------------

## WEATHER

રાજ્યમાં અનેક જગ્યાએ મેઘરાજાનું આગમન થઈ ગયું છે. ગાંધીનગરના રાજ્ય આપાતકાલિન સંચાલન કેન્દ્રએ જણાવ્યું કે, રાજ્યમાં ગઈકાલે સાંજે 6 વાગ્યાથી 8 વાગ્યા સુધીમાં સૌથી વધુ 2 ઈંચ વરસાદ જામનગરના કાલાવડ તાલુકામાં નોંધાયો હતો. જ્યારે રાજકોટના લોધિકા અને પડધરીમાં દોઢ, મોરબીના ટંકારામાં સવા 1 ઈંચ, જુનાગઢ

તાલુકામાં સવા 1 ઈંચ વરસાદ નોંધાયો છે. ઉપરાંત અન્ય જિલ્લાઓમાં સામાન્ય વરસાદ વરસ્યો છે.

રાજ્યના હવામાન વિભાગે આજે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા સહિતના જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

રાજ્યના અનેક વિસ્તારમાં વરસાદના કારણે મહત્તમ તાપમાનમાં પણ આંશિક ઘટાડો નોંધાયો છે. છેલ્લા 24 કલાકમાં સૌથી વધુ 41 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, સુરેન્દ્રનગર અને વલ્લભવિદ્યાનગર ખાતે નોંધાયું હતું.

જ્યારે બનાસકાંઠાના ડીસામાં 40 અને કચ્છના ભુજ અને કંડલા હવાઈમથક ખાતે 40 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. ઉપરાંતના અન્ય જિલ્લાઓમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસથી ઓછું રહ્યું હતું.

...........................................................................

# RAIN OVERALL

દેશમાં સત્તાવાર ચોમાસું આવ્યા બાદ રાજકોટ શહેરમાં ગઈકાલે પહેલો વરસાદ વરસ્યો હતો. રાજકોટના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, સાંજે ત્રણ કલાકમાં 1 ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો.

ડાંગનાં અમારા પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે કે, જિલ્લાના વઘઈ અને તેની આસપાસના વિસ્તારોમાં આવેલા ગામડામાં વરસાદ વરસતા ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી છે. અહીં ગઈકાલે ચીકટિયા ચીચીના ગાવઠા, ભવન દગળ, ખીરમાણી અને નડગ ખાદી જેવા ગામોમાં વરસાદ વરસ્યો હતો.

અરવલ્લી જિલ્લાના અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છે કે, માલપુર, સજ્જનપુરાકંપા, ગોવિંદપુરાકંપા વણઝારિયા, મેઘરજના લીંબોદરા, ભૂંજરી, કૃષ્ણપુર

સહિતના વિસ્તારમાં ગઈકાલે વરસાદ નોંધાતા ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી.

.....................................................................................

## V K ગાંધી MGVCL Godhra

ચોમાસા પહેલા નાગરિકોને વીજ પુરવઠાને લઈને સમસ્યાનો સામનો ના કરવો પડે તે માટે MGVCL ગોધરા ખાતે ચોમાસા પૂર્વની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ અંગે MGVCL ગોધરાના નાયબ કાર્યપાલક ઇજનેર V K ગાંધીએ જણાવ્યું કે...

(બાઇટ : નાયબ કાર્યપાલક ઇજનેર V K ગાંધી MGVCL ગોધરા)

.....................................................................................

## R.R.UNI. – P.T.USHA

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ગાંધીનગર ખાતે નવીન આધુનિક સાધનો – સવલતો સાથે ભારત સેન્ટર ઓફ ઓલિમ્પિક રીસર્ચ અને શૈક્ષણિક સંકુલનો પ્રારંભ કરાયો છે.

આ સેન્ટર ખાતે ઓલિમ્પિક સાથે જોડાયેલા વિવિધ વિષયો માટે આંતરરાષ્ટ્રીય નિષ્ણાંતો થકી વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં આવશે. આ ઉપરાંત આ કેન્દ્ર ભારતીય ઓલિમ્પિક કમિટીની તમામ પહેલોને આગળ ધપાવવાનું કામ પણ કરશે.

આ ઉદઘાટન પ્રસંગે દોડ વીર પી. ટી. ઉષા, ઓલિમ્પિક ફાઉન્ડેશનના સેક્રેટરી અજય પટેલ, પેરા ઓલિમ્પિકના સ્થાનીક વિજેતા મિસ સરિતા ગાયકવાડ સાથે વાઇસ ચાન્સેલર ડો. બિમલ પટેલ ઊપસ્થિત રહ્યા હતા.

.....................................................................................

# MAHISAGAR- TEKA NA BHAVE MAG

મહીસાગર જિલ્લામાં મગ પકવતા ખેડૂતોને ટેકાના ભાવે મગ વેચાણ માટે તાત્કાલિક નોંધણી કરવા જિલ્લા ખેતીવાડી અધિકારી જે.આર.પટેલે. અપીલ કરતાં જણાવ્યું કે...

(બાઇટ- જે.આર.પટેલ)

..........................................................................

# Patan lok adalat

પાટણ તાલુકા સહિત સમગ્ર જિલ્લામાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરાયું હતું. જિલ્લા કોર્ટ ખાતે જિલ્લા ન્યાયાધીશ કમલ સોજીત્રાના વડપણમાં યોજાયેલ આ લોકઅદાલતમાં અનેક પડતર પ્રશ્નોનું એક જ દિવસમાં નિરાકરણ લાવવામાં આવ્યું હતું.

પાટણ જિલ્લાનાં અમારા પ્રતિનિધિ પ્રવીણ સોલંકી જણાવે છે કે, જિલ્લામાં યોજાયેલી લોક અદાલતમાં કુલ 25 હજાર 947 કેસ મૂકવામાં આવ્યા હતા, જેમાંથી 6 હજાર 249 કેસનો નિકાલ કરાયો છે અને આ કેસમાં કુલ 11 કરોડ દસ લાખ 63 હજાર ઉપરાંતની રકમોના સમાધાન કરાયા છે. આ અંગે પાટણ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળનાં સેક્રેટરી આર.એ.નાગોરીએ જણાવ્યું હતું કે, આ લોક અદાલતોમાં નાણાકીય વસુલાતના કેસ, મોટર વાહન અકસ્માતના કેસ, લગ્ન વિષયક અને પારિવારિક તકરારો, બેન્કોની લોન, વીજ કંપનીના લેણા, વીમા કંપનીઓના લેણાની વસુલાત તેમજ દારૂબંધીના કાયદા હેઠળના દંડની વસુલાત સહિતના કેસનો નિકાલ કરાયો હતો.

..........................................................................